## ઈટાલીનાં ચશ્માં અને નહેરુની નજરથી સરદારને જોવા શક્ય નથી

# સરદારને ગાંધીજીનાં ચશ્માં, મોદીની નજરથી જોઈ-સમજી શકાય: વાઘાણી

### સ્ટેચ્યૂની કામગીરીના નિરીક્ષણ માટે આવેલા પ્રદેશ ભાજપા પ્રમુખના કોંગ્રેસ પર પ્રહાર






ગુજરાત પ્રદેશ ભાજપના પ્રમુખ જીતુ વાઘાણીએ સ્ટેચ્યુનું કામ નિહાળ્યું હતું.

। કેવડિયા-કોલોની ।

સરદાર સાહેબને જોવા-સમજવા ઈટાલીના ચશ્મા અને જવાહરલાલ નહેરુની નજરથી શક્ય નથી. આ મહામાનવને જોવા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના ચશ્મા અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની નજરથી જોઈએ, તેમ આજે સ્ટેચ્યૂ ઓફ યુનિટીની કામગીરીના નિરીક્ષણ માટે આવેલા પ્રદેશ ભાજપ પ્રમુખ જીતુ વાઘાણીએ જણાવ્યું હતું.

આજે સ્ટેચ્યૂની મુલાકાતે ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ જીતુ વાઘાણી, ભાજપના સંગઠનના મહામંત્રી ભીખુ દલસાણીયા, ભાજપ પ્રદેશ મહામંત્રી ભારતસિંહ, માજી મંત્રી શબ્દશરણ તડવી, જિલ્લા ભાજપ પ્રમુખ ઘનશ્યામ દેસાઈ વગેરે આવ્યા હતાં.

પત્રકારો સાથે મુલાકાતમાં જીતુ વાઘાણીએ જણાવ્યું કે, કોંગ્રેસ ઈટાલીના ચશ્મા ને જવાહરલાલ નહેરુની નજરથી દૂર રહે તો જ સરદારને જોઈ શકશે અને સમજી શકશે. સરદાર સરોવર ડેમનો પણ તેમણે વિરોધ કરાતો હતો. જેના કારણે ગુજરાતનો વિકાસ રૂંધાઈ ગયો હતો. કોંગ્રેસને સરદાર સાહેબના નામથી જ એલર્જી છે. કોંગ્રેસે સરદારને વડાપ્રધાન ના બનાવ્યા અને ભારત રત્ન પણ આપ્યો ન હતો. આજે કેટલાક આદિવાસીઓને છેતરવા નીકળ્યા છે. પરંતુ આદિવાસી સમાજ સત્ય માર્ગે ચાલે છે પણ તે કોઈના ખોટા માર્ગે દોરવાના નથી. નર્મદા યોજનાના અસરગ્રસ્તોની ૨૭ માગ પ્રત્યે સરકારે પૂરેપૂરી સંવેદનાથી નિર્ણય લીધો છે.


સંદેશ
24 OCT 2018